An International Multidisciplinary Journal
अनन्यशास्त्रम्™
(A Unique Treatise of Knowledge)
ISSN:3049-3927 (Online)
Volume: 01 | Issue: 02 | August: 2025
Research Article

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
Peer-Reviewed | Refereed | Open Access Journal
DOI: https://doi.org/10.64328/aimjv01i02003

# ભારતીય લોકસંસ્કૃતિની મૂલ્યવાન સરવાણી: મરસિયા

ભાવિનકુમાર અજીતભાઈ ગઢવી*

## સારાંશ

આ લેખમાં ભારતીય જ્ઞાન પરંપરાના સંદર્ભમાં લોકસાહિત્યના મહત્વપૂર્ણ સ્વરૂપ મરસિયાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. મરસિયાને એક શોકગીત તરીકે ઓળખવામાં આવે છે, જે મૃત્યુ પામેલ વ્યક્તિ માટેની લાગણી અને ગુણગાનને કાવ્યરૂપે રજૂ કરે છે. ભારતીય અને વિદેશી સંસ્કૃતિઓમાં શોકગીતની સમાન પરંપરાઓ જોવા મળે છે. લેખમાં મરસિયાના ઉદભવ, વ્યાખ્યા, વિવિધ સાહિત્યિક સ્વરૂપો તથા સંદર્ભોનું ઊંડું અવલોકન કરવામાં આવ્યું છે. મૃત્યું, આત્માની અમરતા અને વિયોગ જેવી ભાવનાઓ સાથે જોડાયેલાં મરસિયાઓમાં ભારતીય તત્ત્વજ્ઞાનની ઝાંખી પણ જોવા મળે છે. સાથે સાથે ઉર્દૂ મરસિયાની રચના પદ્ધતિ અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિનું પણ સંક્ષિપ્ત દર્શન આપવામાં આવ્યું છે. લેખના અંતે માનવ જીવનની નશ્વરતા અને સંબંધો વિષેની સંવેદનશીલ અભિવ્યક્તિઓ દ્વારા મરસિયાની સૌંદર્યમયતા અને સામાજિક પાત્રતાને ઊજાગર કરવામાં આવી છે.

**ચાવીરૂપ શબ્દો:** મરસિયા, લોકસાહિત્ય, શોકગીત, આત્માની અમરતા, ભારતીય જ્ઞાનપરંપરા, ઉર્દૂ મરસિયા, ધર્મવિજ્ઞાન, લોકગીતો, સંસ્કૃતિ, કાવ્યશાસ્ત્ર.

## પ્રસ્તાવના

ભારતીય જ્ઞાનપરંપરાના સંદર્ભમાં મેં અહીં મરસિયા વિશે વિસ્તૃત માહિતી આપવાનો પ્રયાસ કર્યો છે. લોકસાહિત્યના વિવિધ સ્વરૂપોમાં એક મહત્વનું સ્વરૂપ એટલે લોકગીત. વિવિધ સાહિત્યકારોએ પોતપોતાના મત મુજબ લોકગીતોનું વર્ગીકરણ કર્યું છે અને તેના પ્રકારો આપ્યા છે જેમાં, હાલરડાં, ગોરમાનાગીતો, લગ્નગીતો, રાંદલનાગીતો, તુલસીવિવાહના ગીતો, ઉત્સવમેળાના ગીતો, રાસ/રાસડા, ગરબા/ગરબીઓ, સંતવાણી/ભજન અને મરસિયાનો સમાવેશ થાય છે. આ દસ પ્રકારોમાંથી અહીં આપણે મરસિયા વિશે થોડી વાત કરવાનો ઉપક્રમ છે. ભારતીય સંતો, ઋષિમુનિઓ, ચિંતકો અને સમર્થ સાહિત્યકારોએ મૃત્યું સંદર્ભે અનેક વાતો કરી છે. જે જન્મે છે તેનું મૃત્યું નિશ્ચિત છે એ સનાતન સત્ય છે પરંતુ એનો આત્મા અમર છે. ભગવાન શ્રીકૃષ્ણએ પણ કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનને પોતાના વિરાટસ્વરૂપનું દર્શન કરાવીને આત્માની અમરતા, દેહની નશ્વરતા અને કર્મનો સિદ્ધાંત સમજાવ્યો હતો. માનવ જીવનની નશ્વરતા શાશ્વત હોવાંછતા વ્યક્તિ દુન્વ્યવી મોહમાયાને કારણે સંબંધોની માયાજાળમાં ફસાય છે આથી તેને સ્વજનની વિદાય જરાક ખટકે છે. આ પરંપરા માત્ર ગુજરાત કે ભારતમાં જ નહીં પણ વિશ્વના બધા જ દેશો, વિવિધ ભાષાઓ અને વિવિધ પ્રજાઓમાં દષ્ટિગોચર થાય છે, ભારતીય જ્ઞાનપરંપરાના સંદર્ભમાં મને આ વિષય સાર્વભોમ અને સનાતન જણાય છે.

*લેખક સંપર્ક: ભાવિનકુમાર અજીતભાઈ ગઢવી, પીએચ.ડી. શોધાર્થી, ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, ગુજરાત, ભારત.,
Email: bagadhvi@gmail.com, ORCID: https://orcid.org/0009-0004-9786-3474

© 2025 Author(s). Published by Young India Publication, Gandhinagar, Gujarat, India

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

મારા આ લેખમાં મે, મરસિયાનો અર્થ, તેની વ્યાખ્યા, વિવિધ સાહિત્યમાં એના વિલાપકાવ્યો તથા મરસિયાનું વિષયવૈવિધ્ય ઉપર મારાથી શક્ય બને એટલો વિસ્તારથી માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે. ભારતીય જ્ઞાનપરંપરા અને લોકસાહિત્યમાં મળતી મરસિયા વિષયક રચનાઓ વિશે અહીં વિહંગાવલોકન દ્રષ્ટીએ મેં થોડી વાત કરી છે.

લોકસાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં એક મહત્ત્વનું સ્વરૂપ છે લોકગીત. લોકગીતનો ઉદ્‌ભવ ક્યારે થયો એ અંગે પ્રમાણભૂત વિગતો મળતી નથી, પરન્તુ અરણ્યવાસી માનવોમાં જ્યારે ભાવનાઓનાં અંકુરો ફૂટ્યાં હશે, બુદ્ધિ વિકસી હશે અને પ્રકૃતિની વિવિધ લીલાની અનુભૂતિ અને અભિવ્યક્તિ શક્ય બની હશે ત્યારે સૌપ્રથમ લોકગીત ઉદ્‌ભવ્યું હશે. ઝવેરચંદ મેઘાણી 'રઢિયાળી રાત'માં નોંધે છે કે, 'જેનાં રચનારાંએ કદી કાગળ અને લેખણ પકડયાં નહિ હોય, એ રચનારાં કોણ તેની કોઈને ખબર નહીં હોય અને પ્રેમાનંદ કે નરસિંહ મહેતાની પૂર્વે કેટલો કાળ વીંધીને એ સ્વરો ચાલ્યા આવે છે, તેનીય કોઈ ભાળ નહીં લઈ શક્યું હોય એનું નામ લોકગીત. ધરતીના કોઈ અગમ્ય અંધારાં પડોમાંથી વહ્યાં આવતાં ઝરણાંનું મૂળ જેમ કદાપિ શોધી શકાતું નથી, તેમ આ લોકગીતોનાં ઉત્પત્તિસ્થાન પણ અણશોધ્યાં જ રહ્યાં છે.[1]

આદિકાળથી માનવજીવન સાથે અભિન્ન રીતે સંકળાયેલાં લોકગીતના વિવિધ પ્રકારો છે. લોકસાહિત્યવિદોએ એ સંદર્ભે ભિન્ન ભિન્ન મંતવ્યો આપ્યાં છે, તેમાં વૈવિધ્ય છે, પરંતુ મુખ્યત્વે લોકગીતોનું સ્વરૂપગત વર્ગીકરણ કરી તેના દસ પ્રકારો ગણાવ્યા છે; જેમાં (૧) હાલરડાં – બાળગીત, (૨) ગોરમાનાં ગીતો, (૩) લગ્નગીતો અને ખાયણાં, (૪) રાંદલનાં ગીતો, (૫) તુલસીવિવાહનાં ગીતો, (૬) ઉત્સવ-મેળાનાં ગીતો, (૭) રાસ અને રાસડા, (૮) ગરબા અને ગરબીઓ, (૯) મરસિયા અને (૧૦) સંતવાણી અથવા ભજન સમાવિષ્ટ છે. આ દસ પ્રકારમાંથી અહીં મરસિયા વિશે થોડી વાત કરવાનો ઉપક્રમ છે.

સ્વર્ગથી પણ સુંદર માનવલોક આ કારણે જબિહામણું બની જાય છે. એ વાત કંઠસ્થ પરંપરાના દુહામાં કલાત્મક રીતે અભિવ્યક્ત થઈ છે. જુઓ :

*સ્વર્ગથી સોહામણું, માનવને આ મૃત્યુલોક;*
*બે-ત્રણ વાતો દોહ્યલી, જરા મરણ ને વિયોગ.*

ભારતીય સંતો, ઋષિમુનિઓ, ચિંતકો અને સમર્થ સાહિત્યકારોએ મૃત્યુ સન્દર્ભે અનેક વાતો કરી છે. તેમણે અધ્યાત્મ દ્વારા મૃત્યુ પર વિજય મેળવવાની વાત કરી છે. જો મૃત્યુ અનિવાર્ય હોય અને તે જન્મની સાથોસાથ દેવના આશીર્વાદ કે અભિશાપ રૂપે મળ્યું જ હોય તો તેનાથી ડરવાને બદલે હસતા મુખે તેનો સ્વીકાર કરવો જોઈએ, હકારાત્મક અભિગમથી જો મૃત્યુનો સ્વીકાર કરવામાં આવે તો આપોઆપ દુન્યવી મોહ, માયા અને આસક્તિ પર કાબૂ મેળવી શકાય છે. વળી, આત્મા તો અમર છે અને તે તો અનંત યાત્રા કરતો જ રહે છે. શરીર તો તેના માટે એક વસ્ત્ર, પિંજર કે ધર્મશાળા સમાન છે. એ વાત ભારતીય વિચારધારાનો પાયાનો સિદ્ધાંત બની ગયો છે. ભગવાન કૃષ્ણએ પણ કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનને પોતાના વિરાટ સ્વરૂપનું દર્શન કરાવીને આત્માની અમરતા, દેહની નશ્વરતા અને કર્મનો સિદ્ધાંત સમજાવ્યો છે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે :

*जातस्यहिध्रुवोमृत्युध्रुवोजन्ममृतस्यच* [2]
*(જે જન્મે છે, તેનું મૃત્યુ નિશ્ચિત છે અને મરે તે જન્મે છે.)*

જગન્નિયંતાએ આ સૃષ્ટિમાં કેટલાંક દ્વન્દ્વ-યુગ્મ બનાવ્યાં છે, જેમ કે જન્મ અને મૃત્યુ, મિલન-વિયોગ, રાત-દિવસ, ઉદય-અસ્ત, દેવ-દાનવ, સજ્જન- દુર્જન અને સંત-શૈતાન ઈત્યાદિ. વસ્તુતઃ તો એ એક સિક્કાની બે બાજુ સમાન છે, આથી એકમેકની સાથે અભિન્ન રૂપે સંકળાયેલાં છે, માટે તેને સ્વીકારવાં જ રહ્યાં. અલબત્ત, આ ફિલૉસોફી કે તત્ત્વજ્ઞાનની વાત કે ગીતાજીનું જ્ઞાન એક યા બીજા રૂપે સૌ સમજે છે, પરન્તુ જ્યારે પોતાને ત્યાં મૃત્યુ આવે છે ત્યારે તેનો સ્વીકાર કરી શકતા નથી. આથી જ વેદના અનુભવે છે. એ વેદના જ્યારે

**ANANYAŚĀSTRAM:**
*An International Multidisciplinary Journal*
*(A Unique Treatise of Knowledge)*
**ISSN : 3049-3927(Online)**

શબ્દરૂપે પ્રગટે છે ત્યારે અવનવાં રૂપો ધરે છે. ક્યારેક એ ક્રૌંચપક્ષીની વેદનાયુક્ત ચીસના પ્રતિઘોષ રૂપે વાલ્મીકિ ઋષિના મુખેથી અનુષ્ટુપ શ્લોક રૂપે પ્રગટે છે કે :

*માનિષાદપ્રતિષ્ઠાંત્વમમઃશાશ્વતીઃસમાઃ ।*
*યત્ક્રૌંચમિથુનાદેવકમવધિઃકામમોહિતમ્ ॥*[3]

માનવજીવનની નશ્વરતા શાશ્વત હોવા છતાં વ્યક્તિ દુન્યવી મોહમાયાને કારણે સંબંધોની માયાજાળમાં ફસાય છે, આથી તેને સ્વજનની વિદાય ખટકે છે. એ વિયોગની વેદના ઊનાં-ઊનાં આંસુ રૂપે વહે છે. તે શબ્દદેહ ધરે છે ત્યારે લોકો તેનું વારંવાર ગાન કરીને પોતાની વેદના ભૂલવા પ્રયત્ન કરે છે. એ પરંપરા માત્ર ગુજરાત કે ભારતમાં જ નહીં પણ વિશ્વના બધા જ દેશો, વિવિધ ભાષાઓ અને વિવિધ પ્રજાઓમાં દષ્ટિગોચર થાય છે, એ વિષય સાર્વભોમ અને સનાતન જણાય છે.

## મરસિયાનો અર્થ

મરસિ(શિ)યો પુ. (અર-મરર્સિયહ) શોકનું ગીત, મરેલા પાછળ ગવાતું પ્રશસ્તિગીત, રાજિયો-પરજિયો."[4]

**અરબી 'મરસી'પરથી મરસિયો -**

ગુજરાતી વિશ્વકોશમાં મરસિયા વિશે કહ્યું છે કે, 'કાવ્યનો એક પ્રકાર. તેમાં મૃત્યુ પામનાર વ્યક્તિ માટે શોકની લાગણી વ્યક્ત કરવામાં આવે છે. તે સાથે તેના ગુણ વર્ણવવામાં આવે છે. કોઈ આપત્તિ અથવા દુઃખદ ઘટના વિશે લખાયેલા શોકગીતને પણ 'મરસિયા'કહેવામાં આવે છે. અરબીમાં તેનો અર્થ રુદન થાય છે. વિશ્વની અનેક ભાષાઓમાં શોકગીત રચવાનો રિવાજ પ્રચલિત છે.'અંગ્રેજીમાં તેને એલિજી (Elegy) કહેવામાં આવે છે.

ઉર્દૂ મરસિયામાં શહીદના જીવનપ્રસંગો જન્મ, યૌવન, વૈભવ-મૃત્યુની વાત છે. તેમાં ૮ ભાગ – (૧) ચહેરો, (૨) સરોપા (૩) રવાનગી (લડાઈ માટે), (૪) આગમન (લડાઈના મેદાનમાં), (૫) શૌર્યગીતો, (૬) યુદ્ધ, (૭) શહાદત (૮) શોક.-ઉર્દૂ મરસિયાકાવ્ય મોટાભાગે મુસદસ પ્રકારમાં હોય છે. – ઈમામહુસેન અને પરિવારની શહાદત વિષયક ઘટનામાં શિયાપંથીઓની શ્રદ્ધા ભળે છે. આથી શિયાપંથી મુસ્લિમ રાજ્યોમાં આ પરંપરા વિશેષ રૂપે મળે છે. 'અધર્મ અથવા અસત્ય ઉપર ધર્મ કે સત્યનો વિજય બલિદાન વડે જ શક્ય બને છે.[5]

**કરુણ પ્રશસ્તિ (Elegy)**

શોકગીત કરતાં વધુ સુબદ્ધ અને દીર્ઘકવિતા પ્રકાર. મૃતક વિશેના શોકને મૃત્યુજન્ય વિષાદને વ્યક્ત કરે છે.

**કૉલરિજ** કહે છે : 'ચિંતનશીલ ચિત્ત માટે સ્વાભાવિક એવો આ કવિતા- પ્રકાર છે. અને તેથી ક્યારેક તેમાં કોઈ શાશ્વત સિદ્ધાંતના અનુસંધાને સાંત્વના પણભળે છે. વર્તમાનના અભાવ કરતાં, જે કાંઈ વીતી ગયું છે અને જે હવે પ્રાપ્ય નથી એ પરત્વેનો ખરખરો. જીવનની ભંગુરતા કેન્દ્રસ્થાને રહે છે.'

મૂળ ગ્રીક અને રોમન પ્રશિષ્ટ સાહિત્યની પરંપરા... શોકગીત.

**થોમસ ગ્રેઃ** Elegy written in country church yard. નાના ગામના સ્મશાનમાં જઈ કહે છે કે, અહીંના લોકોને પણ જો તક મળત તો તે ક્રોમવેલ જેમ રાજા કે શેક્સપિયર અને મિલ્ટન જેમ કવિ બનત... દીર્ઘકથાના કેન્દ્રમાં સમાજ.

## મરસિયાની વ્યાખ્યા

- હૈયાના ઊના-ઊના નિશ્વાસની કથની એટલે મરસિયા.-મેઘાણી
- 'મરસિયા કરુણ શોકોદ્ગાર છે. મરસિયા એટલે વિલાપનાં ગીતો.

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

મરસિયાના ગાન, તાન ને લયપલટાની પદ્ધતિ, તેમાં સમૂહવૃંદમાંથી પ્રકટતા કરુણધ્વનિઓ કઠણ કાળજાના માનવીને પણ પિગળાવે છે."[(6)]

- મૃત્યુ-વિલાપની વેદનાને વર્ણવતી પદ્યરચનાઓ... મુખ્યત્વે દુહામાં હોય, પણ છંદો કે ગીતો-લોકગીતોમાં પણ લોકકવિઓએ તેનું ગાન કર્યું છે. એમાં કારુણ્ય-ભર્યો સ્વર-રાગ હોય છે. **–ભીખુદાન ગઢવી**
- જન્મથી મૃત્યુ સુધીના જીવનચક્ર જેમ રાગના જન્મથી માંડીને મૃત્યુ સુધીનું વૈવિધ્ય રાગ-રાગિણી રૂપે. રાગના મૃત્યુ પાછળનો રાગ તે મરસિયા. તે ખાસ સોરઠા સાથે સંકળાયેલા છે. જે વાત 'શારદા'ના એક અંકમાં છે. **-ભીખુદાન ગઢવી**
- 'સદ્‌ગુણી સ્વજનોનાં સંભારણાં તે મરસિયા'-**કવિ દાદ**
- એલિજી કાવ્યો આરંભમાં યુદ્ધ કે પ્રેમ વિશે સર્જાતા. પછી વખત જતાં ગ્રીસ અને રોમમાં શોકાંજલિના ગીત રૂપે તેનો ઉપયોગ થવા લાગ્યો. સંભવ છે કે દફન વખતે સંગીતના સૂરોની સાથે ઉચ્ચારાતી પદાવલિને એલિજી તરીકે ઓળખાવી હોય. સ્પેન્સરનું ''ટેફનેઈદા'પ્રથમ એલિજી, સોળમી સદીમાં છે.
- મરસિયા માત્ર સ્વજનોના જ નહિ, અંગત ખોટ લાગે તેવી વ્યક્તિના પણ હોય.
- 'જીવનયાત્રામાં વ્હાલાના વિયોગે હૃદયના ઊંડાણમાંથી પ્રગટતી આંસુસિક્ત કવિતા તે આપણા મરસિયા."[(7)]
- 'વિલાપને બદલે મરનારની ગુણપ્રશસ્તિ તે મરસિયા. મરનારની વય, જાતિ, ગુણને છાજે તેવું ગાન તે છાજિયા. મરનારને ત્યાં વહેલી સવારે ગવાતાં વિલાપગીતોને 'પરોઢિયા'કે 'પ્રોવિયા'કહે છે. ગુજરાતમાં વાગડના 'હરિયા' અને ઈસ્લામમાં 'માતમકૂટણા'વગેરે મૃતકના શોકનાં અને પ્રશસ્તિનાં ગીતો છે."[(8)] **-ખોડીદાસ પરમાર**
- મૃત્યુની વેદના અવશ્ય, પણ વીરમૃત્યુને મહોત્સવ ગણેલો છે.
- શહીદની માતાની છાતી ગજગજ ફુલાય, પત્ની હસતાં મુખે સાથ નિભાવે...
- 'હથેળવે જૂડિયો જકે, હમે ન છૂટે હાથ'-પાબૂજી રાઠોડ-સોઢી રાણી
- પંડિત જગન્નાથ અને પૃથ્વીરાજ રાઠોડે મૃત પત્નીનાં વિરહનાં કાવ્યો-દુહાઓ રચ્યાં છે.

➢ **સંસ્કૃત સાહિત્યમાં વિલાપ કાવ્યો :**

(૧) 'રામાયણ'માં મંદોદરી – સુલોચના વિલાપ (૨) 'મહાભારત'માં ઉત્તરાવિલાપ તેમજ કૌરવસ્ત્રીઓનો વિલાપ અને (૩) 'રઘુવંશ'માં અજવિલાપ પ્રસિદ્ધ છે.

- **ગુજરાતી સાહિત્યમાં :**

(૧) દલપતરામ – 'ફાર્બસવિરહ' (૨) ન્હાનાલાલ-'પિતૃતર્પણ', (૩) કવિ ત્રિભુવન – 'કલાપીનો વિરહ'અને (૪) નરસિંહરાવ – 'મંગલ મંદિર ખોલો'કાવ્યમાં મૃત્યુની વાત કરે છે.

લોકોએ વેદનાને હળવી કરવા, દુ:ખનું કેથાર્સિસ-વિરેચન કરવા માટે અપનાવેલી મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા મરસિયા સ્વરૂપે લોકજીવનમાં વણાઈ ગઈ છે.

## મૃત્યુની શાશ્વતતા: ભારતીય દષ્ટિબિંદુ

મરસિયામાં અપાર વૈવિધ્ય છે, તો તેમાં વિરલ વ્યક્તિત્વની સુવાસ છે. અનન્ય વીરતા દાખવનાર શૂરવીર, અનુપમ દાતાર, ચારિત્ર્યશીલ અને મૂઠી ઊંચેરા વ્યક્તિના જ મરસિયા રચાયા છે. વળી, ભારતીય સંસ્કૃતિમાં તો વીર મૃત્યુને મંગળ ગણી તેનો શોક ન કરવાની વાત પણ કહેલી છે, એટલું જ નહીં સ્વમાનભેર જીવવાની વાત પણ કેટલાક દુહાઓમાં કહેવાયેલી છે. જુઓ

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

મરદાં મરણો હક હૈ, ઉબરસી ગલ્લાંહ;
સાપુરમાં રા જીવણાં, થોડા હી ભલ્લાંહ... ૧
સૂરાં દાતાં પિંડિતા, તીનું એક સ્વભાવ;
જનમૈ સૌ મરસી, મરી અમર બાત રહ જાય... ૨
પાણી કેરા બુદબુદા, એસી નર કી દેહ;
દિનાં છિપ જાવસી, જ્યું તારા પ્રભાત... ૩
માણ રાખે મરજે, મતી મરે મૂકે ન માણ;
જબ લગ સાસ સરીર મેં, તબ લગ ઊંચી તાણ... ૪

**૧. વ્યક્તિ વિશેષના મરસિયા**

**રતન ટાટા**

સાતમે શમી ગયો ઝળહળ જ્યોતિ માંહ્ય,
રતન ગયું રોળાઈ ઈ પાછો નહીં મળે પારસી.
અડીખમ ઉભો રહ્યો દલ માલૈ ને દા'જ,
નિત અમને નાઝ તારા પ્રેમ ઉપર પારસી.
રતન સમું રતન માનવ મોંઘા મૂલનું,
અમ ધરતી અતૂલ પાછો આવજે પારસી.
દેશ કાજે દોડતો વ્હાલું તુંને વિજ્ઞાન,
જોડીએ માં તુજ જાન પાછો ના હઠ્યો પારસી.

**૨. વીરોની પ્રશસ્તિ રૂપે મરસિયા**

**હમીરજી ગોહિલના મરસિયા**

ભારતીય સંસ્કૃતિમાં વીરોની શહાદતને ખૂબ જ ભાવપૂર્વક વધાવી છે. તેમાં પણ સોમનાથ પર આક્રમણ થયું, એ વખતે 'કલાપી'ના પૂર્વજ હમીરજી ગોહિલ સોમનાથની સખાતે ગયેલા. ગીરના ભીલો પણ તેમની સાથે ગયેલા, તેમણે તો હમીરજીના લગ્ન પ્રસંગે હાથઘરણામાં માથાં લખાવ્યાં હતાં. ચારણ આઈ લાખબાઈ પણ તેમની સાથે સોમનાથ ગયા અને એમની શહાદતને મરસિયામાં અમર કરી

દીધી, જેને કાળનો કાટ લાગ્યો નથી, એવી મર્મસ્પર્શી રચનામાંથી ઉદાહરણ જુઓ :

"વહેલો આવે વીર, સખાતે સોમૈયાની;
હિલોળવા હમીર, ભાલા અણીએ ભીમાઉત... ૧
કરમાં કરમાળ કરે, ઈ જુએ જગદીશ;
સોમૈયાને શિશ, આલ્યું અરઠીલા ઘણી... ૨
વેળ તહારી વીર, આવીને ઉંવાટી નઈ;
હાકેમ તણી હમીર, ભેખડ આડી ભીમાઉત. ૩
વેગડ વડ જૂજાર, ગઢ બારીએ ગરે નઈ;

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

*સીંગ સમારણહાર, અંબર લગ અડાડિયા... ૪*

*તું પડતે પડિયા, હર શશિયર હીમા પતિ;*

*છ ચૂડા ચડિયા, ભજ તો ભાંગે ભીમાઉત... ૫*

*એકે સર સાચવ્યું, બજડ વાઈ બીજે;*

*(એમાં) ક્યો વખાણવો કે, હાથ તારો હમીરયા... ૬*

*વન કાંટાળા વીર, મારે જીવીને જોવા રયા,*

*આંબો અળવ હમીર, ભાંગ્યો મોરીને ભીમાઉત[9].. ૭*

**૩. માતાએ પુત્ર માટે ગાયેલા મરસિયા**

માનવજીવનમાં કાળજાં કંપાવતી આવી ક્ષણ ખૂબ જ દોહ્યલી હોય છે, એ વેદનાની શી વાત કરવી, પણ જીવનમાં બનતી અસહ્ય ઘટનાની પળે દરેક માતાની મનોસ્થિતિ અહીં પ્રગટતી હોય છે. તેમાંથી બે-ત્રણ ઉદાહરણ જોઈએ.

**ચેલૈયાના મરસિયાઃ**

ગિરનાર નજીક આવેલા બીલખા ગામના શેઠ સગાળશા અને ચંગાવતી. સાધુને જમાડીને જમવાનું વ્રત. આઠ આઠ દિવસના ઉપવાસ, અઘોરી સંતે માનવની માટી માગી, પુત્રને ખાંડીને ખવડાવવા તૈયાર થનારને આદેશ મળ્યો, હસતા મુખે ગીત ગાતી ગાતી માથું ખાંડ અને એકેય આંસુડુ ન પડવું જોઈએ. માતાએ સાંબેલાના તાલ સાથે જે ગીત ગાયેલું, તે આજે પણ લોકહૃદયે કોરાયેલું છે :

*અમે જાણ્યું ચેલૈયાને પરણાવશું, એની જાડેરી જોડશું જાન;*

*(પણ) ઓચિંતાનાં મરણ આવ્યાં, કુંવર તને ખમ્મા ખમ્મા...*

*મેલામાં મેલો નૂગરો, એથી ય મેલો લોભ;*

*એથી મેલા અમે દંપતી, અમને મૂવે ન મળે મોક્ષ. કુંવર[10]...*

**૪. જીવનસાથીની વસમી વિદાય-પતિ-પત્નીએ ગાયેલ મરસિયા**

જીવનસાથીની વસમી વિદાય ખૂબ જ કપરી હોય છે, તેમાંય બે ખોળિયા અને એક પ્રાણ જેવી જોડલી હોય ત્યારે તો વાત જ શી કરવી ? ખંડિત દંપતીની મનોવેદનાને વાચા આપતી રચનાઓમાંથી બે-ત્રણ ઉદાહરણ જોઈએ :

**પત્ની વિયોગે ઝૂરતો ચારણ :**

ગર્ય કાંઠાનું ચારણ દંપતી, દુષ્કાળ ઉતરવા દક્ષિણ ગુજરાત ગયા, 'વરસ વળ્યે પાછા વળ્યાં, છાછર ગામે પોરહા વાળાની હદમાં આવી શીંગવડો નદીને કાંઠે ભેંસો અને ચારણ્યને મૂકી, ચારણ કચેરીમાં ગયો, ડાયરાની જમાવટ, ઉપરવાસનો મે, પૂર આવ્યું અને પતિને આપેલા વચનને કારણે ચારણ્ય ન ખસી. રીડિયારમણ થઈ, ખબર મળતાં ચારણ દોડ્યો, પણ મોડો પડયો. પત્નીના વિયોગે ઝૂરતા ચારણે વેદનાને દુહામાં વહેતી કરીઃ

*હતું ઈ હારી બેઠો, ખજાનો બેઠો ખોય;*

*કામણગારું કોય, પાધર તમાણું પોરહા...૧*

*અમે આવી ઉતારો કર્યો, જબ્બર વસીલો જોય;*

*(પણ) કામણગારું કોય, પાધર તમાણું પોરહા... ૨*

*વાછરડું વાળા, ભાંભરતું ભળાય;*

*(પણ) થર આતમ નો થાય, પરસ્યા વણનો પોરહા[11]...3*

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

**૫. પ્રિયતમ-પ્રિયતમાના મરસિયા**

લગ્નસંબંધથી જોડાયેલા જીવનસાથીએ ગાયેલા મરસિયાથી પણ વધારે કરુણ મરસિયા તો પ્રેમની વેદી પર સમર્પિત થયેલા પ્રેમભીના પ્રેમીઓના છે. જીવનની રાહે જે એક ન થઈ શક્યા તેની અનેક દોહાબદ્ધ લોકકથાઓ મળે છે, તેમાં જે વેદનાની વાત છે, તેમાંથી બે ઉદાહરણ જોઈએ:

**ખીમરા આહીરના મરસિયા**

ખંભાતથી સંઘ સાથે દ્વારિકા જતી લોડણને પુરુષનું મુખ ન જોવાનું વ્રત. જામ રાવળ ગામે આહીરાણીઓના વૃંદમાં ભાભીના કહેવાથી સ્ત્રીવેશે ખીમરો સાથે ગયો, નદી ઊતરતાં પારખ્યો અને બથ્થ ભરીને મળતાં ઉભયનું હૈયું હાથ ન રહ્યું. વળતાં આવવાનું વચન આપી લોડણ સંઘ સાથે ચાલી, અહીં પ્રિયતમાના વિયોગે ઝૂરીને ખીમરાએ દેહ છોડ્યો, લોડણ પણ અડધેથી પાછી આવી. સ્મશાનમાં ચિતા સળગતી જોઈ. પૂછ્યું, લોકો કહે ખીમરાએ લોડણની પાછળ ઝૂરીને પ્રાણ આપ્યાં. લોડણની વેદનાને વાચા આપતાં મરસિયા:

*જાતાં જોયો જુવાન, વળતાં ભાળું પાળિયો;*
*ઉતરાવું આરસપાણ, ખાંતે કંડારું ખીમરો... ૧*
*મારગ કાંઠે મસાણ, ઓળખ્યા નૈ આયર તણાં;*
*પોઢેલ અમણો પ્રાણ, રાવલિયો રિસાવી ગયો... ૨*
*ખંભાતથી હાલી ખીમરા, ના'વા ગોમતી ગઈ;*
*અધૂરા લખ્યા'તા આંકડા, રાવલ અધવચ રઈ... ૩*
*અણિયાળાં અમ ઉર, ભીંસુ તોય ભાંગે નંઈ;*
*બળ કરતી હું બીઉં, (તારી) ખાંભી માથે ખીમરા*[12] *....૪*

**હલામણ જેઠવાના મરસિયા**

ઘૂમલીનો કુંવર હલામણ જેઠવો પ્રતિભાવંત શૂરવીર. સોન કંસારી તેને દિલ દઈ ચૂકી. અનુપમ રૂપવતી સોનને મેળવવા કાકા શિયાજીએ પ્રપંચ કર્યું. બે યુવા હૈયાં ન મળી શક્યાં, તો મરીને પણ મળવાનું વચન પાળવા સોને સ્વર્ગના પંથે સાથ નિભાવ્યો, એ વાત પણ મરસિયામાં મળે છે :

*હાબાની હદમાંય, પીઠીભર્યો પોઢાડિયો;*
*મીંઢળ છૂટ્યા મસાણ, હારી બેઠાં હલામણો ૧*
*બેવડ મીંઢળ બાંધિયાં, હલામણને હાથ;*
*સોનલદેને સાથ, બળવું બરડાના ધણી*[13]*... ૨*

**૬. રાજકવિઓએ રચેલા મરસિયા**

મધ્યકાળે રાજપરિવાર અને ક્ષત્રિયો સાથે કવિઓ ખૂબ જ મૈત્રીપૂર્ણ આત્મીયતાથી રહેતા. એકમેકના સુખ-દુઃખના ભાગીદાર એવા તો અંતરંગ સંબંધોથી બંધાઈ જતા કે મિત્રવિયોગે ઝૂરી ઝૂરીને પ્રાણ ત્યજી દે, એનું ઊજળું ઉદાહરણ છે, ઝાલણશી કાંટા અને કચ્છના રાજવી રા'દેશળ. રાજકવિઓ કે બારોટો મરસિયા રચે ત્યારે દાન ન લ્યે, એવી ઉજ્જવળ પરંપરા હતી. તેમાંથી બે-ત્રણ ઉદાહરણ જોઈએ:

**જામ, રાવળના મરસિયા**

મૈત્રી માટે જોધપુરનું રાજકવિ પદ ત્યજી દેનારા આસાજી રોહડિયાને ભત્રીજા ઈસરદાસજીએ જામનગર તેડાવ્યા. જામ રાવળે કવિરાજનું ખૂબ જ માન-સન્માન કર્યું. તેમને થયું આસાજી મારા મરસિયા અવશ્ય ગાશે, પણ મને શો લાભ ? તેથી એક દિવસ પ્રપંચ કરી

**ANANYAŚĀSTRAM:**
*An International Multidisciplinary Journal*
*(A Unique Treatise of Knowledge)*
**ISSN : 3049-3927(Online)**

પોતાના મૃત્યુના સમાચાર વહેતા કરાવ્યા. આસાજીને ખબર પડતાં રાજમહેલમાં આવ્યા, શબવત્ સૂતેલ જામ રાવળને જોતાં જ કાવ્ય સરવાણી ફૂટી, 'સારસી'છંદમાં રચાયેલ આ બારમાસી સાંભળતાં જ જામ રાવળ ઊભા થઈ ભેટી પડયા, કહે, 'કવિરાજ ! લાખપશાવ આપું છું, મરસિયા સાંભળવાની મોજ આવી ગઈ.'વાત જાણી કવિરાજ કહે, 'મેં તો તારા મરસિયા ગાયા છે, હવે તારા લાખપશાવ પણ ન ખપે અને પ્રપંચી તમારું મોઢું પણ હું ન જોઉં, એટલું જ નહીં, તારા રાજ્યનું પાણી પણ અગ્રાજ છે.'આસાજીની હૃદયભાવના અને ચારણત્વનો પરિચય કરાવતી રચનાની એક કડી જુઓ

*॥ દુહો॥*

*વહેલાં જામ ન વિસરે, અળવ મહાધન ઈન્દ્ર;*
*જણ વારો વરતાવિયો, સારીખો હરીશચંદ્ર... ૧*

*॥ છંદ સારસી ॥*

*વેશાખ માસે હોય વનફળ, અમ્રત વસંતા આણહી;*
*કેતકી જાઈ કુસુમ કૂંપળ, ભ્રમર લીલા માણહી,*
*શરદ ચંપો વેલ ડમરો, અધિક પ્રેમળ ઊતરે;*
*રાજેન્દ્ર પાત્રા જામ રાવળ, સામ ઉણ રત સંભરે... ૧*

### ૭. ભાઈ-બહેનના મરસિયા

#### જોગડા ઢોલીના મરસિયા

લોકમુખે કઠોપકંઠ સચવાયેલી લોકકથાઓમાં ભાઈ-બહેનના મરસિયા મળે છે, તેમાં ખાંભા પાસેના મીતઆળા ગામની આહીરાણીએ પોતાના ધર્મના માનેલ ભાઈ જોગડાની ઉદારતા અને જે દિવસે ભાઈએ મોઢું સંતાડયું એ દિવસે આંસુ લૂછી એક ગાડી અનાજ મોકલાવેલું એ ઉપકારને યાદ કર્યો છે. જુઓ :

*તું વણકર ને અમે વણાર, નાતે પણ નેડો નહીં;*
*(પણ) ગણને રોઉં ગજમાર, તારી જાત ન પૂછું જોગડા.*(14)

### ૮. મિત્ર વિષયક મરસિયા

કવિઓનાં હૃદય અત્યંત લાગણીશીલ અને કોમળ હોય છે. એમની મૈત્રીની કથાઓ ખૂબ જ પ્રસિદ્ધિ પામેલી છે. તેમાંથી પણ બે-ત્રણ ઉદાહરણ જોઈએ.

#### ઝવેરચંદ મેઘાણીના મરસિયા

રાષ્ટ્રીય શાયર મેઘાણીજીએ લોકસાહિત્યના સંશોધન-સંપાદનક્ષેત્રે કરેલું કાર્ય વિશ્વવિખ્યાત અને વિરલ છે. ભક્તકવિ દુલા કાગ સાથે તેમને અંતરંગ મૈત્રી હતી. 'મીઠપ વાળા માનવી, જગ છોડી જાશે'એ બે દુહાઓની એક એક પંક્તિ બન્ને મિત્રોએ રચેલી છે. મેઘાણીજીની અકાળ અને અણધારી વિદાયની ક્ષણે દુલા કાગે રચેલા મરસિયા જગ પ્રસિદ્ધ છે :

*લેખક સઘળાં લોકની, ટાંકું તોળાણી;*
*(એમાં) વધી તોલે વાળિયાં, તારી લેખણ મેઘાણી. ૧*
*છંદા ગીતાં ને સોરઠા, સોરઠ સરવાણી;*
*(એટલાં) રોયાં રાતે આંસુએ, (આજ) મરતાં મેઘાણી.*(15) ૨

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

### હેમુ ગઢવીના મરસિયા

કવિશ્રી 'દાદ'અને હેમુભાઈ ગઢવી આમ તો પારિવારિક સંબંધોમાં મામા- ફૂઈના ભાઈ થાય, પરન્તુ તેમની મૈત્રી સાહિત્યપ્રીતિને કારણે વધુ દઢ બનેલી. તેમાં પણ લોકગાયક હેમુભાઈએ તો યુવાવયે જ ખૂબ જ મોટી સિદ્ધિ મેળવેલી. આકાશવાણી પર માત્ર ૧૯૫૬ થી ૧૯૬૫ના એક દસકામાં તેમણે રજૂ કરેલાં લોકગીતોએ તેમને લોકહૃદયથી માંડીને વિશ્વના ઉત્તમ ગાયકોના હૃદયમાં સ્થાન અપાયેલું. તેમના અકાળે અવસાને પ્રગટેલી સંવેદનાની સરવાણી પણ કાળજયી બની ગઈ છે. જુઓ :

*ચડશે ઘટા ઘનઘોર, ગગન મેઘજળ વરસાવશે;*
*નીલવર્ણી ઓઢણી જે દિ, ધરા શિર પર ધારશે;*
*ગહેકાટ થાતાં ગીર મોરાં, પિયું ઘન પોકારશે;*
*એ વખતે આ ગુજરાતને, યાદ હેમુ આવશે(16).... ૧*

### ૯. સદ્ગુણી રાષ્ટ્રનેતાના મરસિયા

### રાષ્ટ્રપિતા ગાંધીજીના મરસિયા

રાષ્ટ્રીય અસ્મિતા માટે સદા ઝઝૂમતા રહેનારા રાષ્ટ્રનેતાને પ્રજાનો અનન્ય પ્રેમ મળતો હોય છે. તેમાંય રાષ્ટ્રપિતા ગાંધીજીને તો માત્ર ભારતીયોએ જ નહીં વિશ્વની પ્રજાએ બિરદાવ્યા છે. તેમની હયાતીમાં જ અનેક કવિઓએ તેમને બિરદાવ્યા હતા. ગાંધીજીના મૃત્યુપ્રસંગે લખાયેલા 'ગાંધીશતક'કાવ્યમાં કવિ નાથુસિંહ મહિયારિયાએ સ્વર્ગમાં સ્વરાજ માટે ગાંધીજી ગયાની લાગણી વ્યક્ત કરી છે.

*દેવ સમંદર મન્થિયો, થાક ગયા મથ મથ;*
*ભારતને બિણ શ્રમ મિળિયો, તૂં ગાંધી અમરત... ૧*
*નરપત તો સહ ભાજગ્યા, સુરપત જાસી ભાજ;*
*ગાંધી કરવા નૈ ગયૌ, સુરપર માંહિ સ્વરાજ... ૨*
*કદ દેખાંણા મિંદરા, કદ જોડાંણ હત્ય;*
*રામ કૃષ્ણ રે બીચ મૈં, ગાંધી રી મૂરત." ...૩*

### વડાપ્રધાન જવાહરલાલ નહેરુના મરસિયા

સ્વાતંત્ર્યની લડતમાં ગાંધીજી સાથે રહીને દેશને આઝાદી અપાવનારા પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુના મરસિયા ભક્તકવિ દુલા કાગે રચેલા, જે આકાશવાણી દિલ્લી પરથી શ્રદ્ધાંજલિ રૂપે પ્રસારિત થયેલા. જેમાં પંડિતજીને શિવ સ્વરૂપ કહીને સમુચિત અંજલિ આપી છે. જુઓ :

*વજ્રઘાત ભો હિંદ પર, છાયે સકલ દિશિ શોક;*
*અતિ વિકટ ઉત્પાત ભો, નેહરુ ગયો પરલોક... ૧*
*જજ્વાલામુખી હિરદય જલે, હસતો રહ્યો હંમેશ;*
*તન તપી તપી કે ખાખ ભો, તદપિ ન કહ્યો કલેશ... ૨*
*ગલ ભુજંગ વિખ સહિત ધરી, રહ્યો ઉષ્ણજલ કૂપ;*
*નીલકંઠ વંદન સદા, નેહરુ શિવ સ્વરૂપ... ૩*

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

### ૧૦. 'મા' માટે ગવાયેલા મરસિયા

માતા અને સંતાનનો સંબંધ છેલ્લા શ્વાસ સુધી કેવો, અતૂટ અને અખંડ હોય છે એ વિશે ઘણી બધી રચનાઓ મળે છે. 'મા તે મા'અને 'જનનીની જોડ સખી'... કાવ્ય અહીં અવશ્ય સ્મરણે ચડે. તો લોકપરંપરામાં કહેવાયું છે કે, 'બાળપણમાં જેનાં માવતર મરે, એને ચો દસના વા વાય'... વસ્તુતઃ તો એમાં માતૃત્વનો જ મહિમા છે. આવી રચનાઓમાંથી એક ઉદાહરણ જોઈએ.

**કવિશ્રી દુલા કાગે રચેલા 'મા' વિષયક મરસિયા**

ભક્ત કવિ દુલા કાગનાં 'મા'થોડાં બિમાર હતાં, કાગબાપુ ગામતરે ગયા હશે અને અહીં માનું અવસાન થયું. સમાચાર મળતાં જ કાગબાપુ ઘેર આવ્યા. માને સાથરે લઈ લીધેલાં. એ સમયે તેમના હૃદયમાંથી પ્રગટેલી સંવેદના દુહા રૂપે પ્રગટી. પ્રત્યેક માનવને માનું સ્મરણ કરાવતા આ દુહા હૃદયસ્પર્શી છે, જુઓ :

*મોઢે બોલું 'મા', ત્યાં સાચેય નાનપ સાંભરે;*
*(ત્યારે) મોટપની મજા, (મને) કડવી લાગે કાગડા.' ... ૧*

કંઠસ્થ પરંપરા અને લોકસાહિત્યમાં મળતી મરસિયા વિષયક આ રચનાઓ વિશે અહીં વિહંગાવલોકન દૃષ્ટિએ થોડી વાત કરી છે. હજુ પણ આવી અનેક રચનાઓ, છંદો, લોકગીત અને લોકકથાઓનો અહીં ઉલ્લેખ કરવો જોઈએ. મરસિયામાંથી પ્રગટતી લોકસંસ્કૃતિની સરવાણીની પાવન સ્મૃતિ સાથે એટલું જ કહીશ કે, મરસિયા કૃતક નથી, તે તો હૃદયની ખરલમાં ઘૂંટાઈ ઘૂંટાઈને પ્રગટતી આંસુસિક્ત કવિતા છે, જેને ક્યારેય કાળનો કાટ નહીં લાગે.

### સંદર્ભનોંધ

1) ઝવેરચંદમેઘાણી : 'રઢિયાળીરાત', પૃ. ૧૭
2) મહર્ષિ વેદવ્યાસઃ 'શ્રીમદ્ભગવદત ગીતા', પૃ. ૪૮
3) મહર્ષિ વાલ્મીકિ : 'રામાયણ', પૃ. ૪૦
4) કે. કા. શાસ્ત્રી : 'બૃહદ્ગુજરાતીકોશ', ભાગ-૨, પૃ. ૧૭૪૦
5) મેહબૂબ હુસેન અબ્બાસી : 'ગુજરાતી વિશ્વકોશ', પ્રથમ ભાગ, પૃ. ૩૧૭
6) ડૉ. હિમાંશુ ભટ્ટ : 'લોકગુર્જરી-૧૫', મરસિયા લોકગીતો, પૃ. ૧૩૯
7) ડૉ. અંબાદાન રોહડિયા/ડૉ. બળવંત જાની : 'લોકસાહિત્ય-૧', પૃ. ૧૧૨
8) ખોડીદાસ પરમાર : 'ગુજરાતનાં લોકગીતો', પૃ. ૩૪
9) જયમલ્લ પરમાર : 'ભાગું તો ભોમકા લાજે', પૃ. ૨૪૦
10) સન્દર્ભનોંધ ૧ પ્રમાણે, પૃ. ૮૦
11) સન્દર્ભનોંધ ૧૩પ્રમાણે, પૃ. ૪૭૨
12) ઝવેરચંદ મેઘાણી : 'લોકગીત સંચય', પૃ. ૫
13) એજન, પૃ. ૪૩
14) સન્દર્ભનોંધ ૯, પ્રમાણે, પૃ. ૨૪૯
15) કવિ દુલા કાગ : 'કાગવાણી', ભાગ-૩, પૃ. ૭
16) કવિ 'દાદ' : ભાતીગળ સૌરાષ્ટ્રનો હેમુ ગઢવી વિશેષાંક, પૃ. ૪૧